# GREENLAWNS HIGH SCHOOL

## QUESTION PAPER

**For the Preliminary Examination Year 2023** **Sub: Gujarati 2 Lang**

**Class: X** **Time: 3 Hours** **Full Marks: 80**

*This paper comprises of two sections; Section A and Section B. Attempt all the questions from Section A.*

*Attempt four questions from Section B, answering at least one question each from the two books you have studied and any two other questions from the same books you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

Question 1

**SECTION A**

***(Attempt all questions from this Section)***

Write a short composition in Gujarati of approximately 200 words on any one of the following topics.

પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ૨૦૦ શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો. (15)

૧. આપણી શાળા ને શ્રેષ્ઠ બનાવવા માં કઈ કઈ વસ્તુ નો મહત્વ નો ફાળો છે. કોઇ પણ એક વિશે વિસ્તાર થી જણાવો.


૨. કુદરતી વાતાવરણ તમારી દ્રષ્ટિ એ કેવું હોવું જોઇએ. તમારા અનુભવો, વિચારો સ્પષ્ટ કરો.

૩. માતૃભાષા દ્વારા શિક્ષણ.

૪. નમે તે સૌને ગમે - કહેવત ને આધારે કોઇ એક વાર્તા કે પ્રસંગ લખો.

૫. નીચે આપેલું ચિત્ર જોઇ તમારા મન માં ઊઠતા ભાવો ને વાચા આપતો નિબંધ લખો.

SOLDIER'S PARADE



Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઈ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માંાં ગજરાતી માંાં પત્ર લખો. (7)

૧. તમારા મિત્ર ને રાજ્ય ની જૂનિયર ક્રિકેટ ટીમ માં પસંદ કરવા માં આવ્યો છે તે માટે વધાઈ આપતો પત્ર લખો.

૨. તમારા ક્ષેત્ર માં નશીલા પદાર્થો ની ચોરી છૂપી વહેંચાઇ છે જેના કારણે યુવા વર્ગ માં નશા ની પ્રવૃત્તિ વધી છે. આની ફરિયાદ કરતો પોલીસ અધિકારી ને પત્ર લખો.

Question 3

Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

ધનપાલ શેઠનું નામ દૂર - દૂર સુધી જાણીતું હતું . દૂર દેશાવર સાથે એમનો વેપાર ચાલતો હતો . એમને આંગણે લક્ષ્મીની છોળો ઊછળતી હતી . ઘરમાં ખરચતાં ખૂટે નહિ , તેટલું ધન હતું . આમ છતાં શેઠ ગણતરીવાળા હતા . એ સમજતા હતા કે ઘરની રાણી આવડતવાળી ન હોય , તો અઢળક ધન પણ ખૂટી જાય .
શેઠને ચાર દીકરા હતા . દીકરાઓની ચાર વહુઓ હતી . દીકરા તો જીવ પરોવીને વેપાર - ધંધામાં પડી ગયા હતા . એમની હોશિયારી અને સમજદારીથી શેઠને સંતોષ હતો . પણ દીકરાઓની વહુઓ ચાલાક અને ઘરરખુ છે કે નહિ એ જાણવાની શેઠને ઇચ્છા થઇ . એમનું પારખું કરવા માટે શેઠે એક યુક્તિ વિચારી કાઢી.
એક દિવસ શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું . " બેટા , હું આજે તમને દરેકને ડાંગરના આ પાંચ પાંચ દાણા આપું છું . કોઈક વાર એ દાણા હું તમારી પાસેથી પાછા માગીશ , માટે એ દાણા જતન કરીને સાચવી રાખજો ." એટલું કહી એમણે દરેક વહુને પાંચ - પાંચ દાણા આપી વિદાય કરી . વહુઓ દાણા લઇ હસતી - હસતી ચાલી ગઈ .
મોટી વહુ જરા ઉછાંછળી અને છીછરી બુદ્ધિની હતી . એને થયું , " ડોસાય કેવા ઝીણા જીવના છે ! આપી-આપીને ડાંગરના પાંચ દાણા ! ' એમ વિચારી , દાણા બારીબહાર ફેંકી દઈ એ નિરાંતે સુઇ ગઇ . સસરાજીની વાતનો મર્મ એ સમજી શકી નહિ .
બીજા છોકરાની વહુ જરાક લાગણીવાળી પણ લહેરી હતી . એને થયું , " સસરાજીએ ભલે પાંચ દાણા આપ્યા . એ તો એની પ્રસાદી ગણાય . એને મામૂલી ચીજ ગણી ફેંકી ન દેવાય . પાછા માગશે ત્યારે જોયું જશે .
છોકરાની વહુ જરાક લાગણીવાળી પણ લહેરી હતી . એને થયું , " સસરાજીએ ભલે પાંચ દાણા આપ્યા . એ તો એની પ્રસાદી ગણાય . એને મામૂલી ચીજ ગણી ફેંકી ન દેવાય . પાછા માગશે ત્યારે જોયું હશે . કોઠીમાંથી કાઢીને બીજા દાણા આપતાં શી વાર લાગવાની છે ? " એવો વિચાર કરતી , દાણા ફોલી કણ ખાઈ ગઈ . અને પણ સસરાજીની વાતનો મર્મ ન સમજાયો .
ત્રીજા છોકરાની વહુ જરાક ઝીણા સ્વભાવની હતી . એણે વિચાર્યું , ' સસરાજીએ આપેલા પાંચ દાણા દાબડીમાં મૂકીને સાચવી રાખવા અને માગે ત્યારે દાબડી ખોલીને કાઢી આપવા . એમાં કંઇ મોટી વાત નથી. ' એમ વિચાર કરી એણે એ દાણાને દાબડીમાં મૂકી સંઘરી રાખ્યા . ત્રીજી વહુ પણ શેઠની વાતનો મર્મ સમજી શકી નહિ .
સૌથી નાના દીકરાની વહુ ચતુર અને સમજુ હતી . એને થયું , ' સસરાજીની વાતમાં કાંઇક ઊંડો મર્મ હોવો જોઇએ . આ દાણા સંઘરી રાખવા એ વાત તો સાચી , પણ સંઘરેલા દાણા વખત જતાં બગડી જાય , એના કરતાં એ દાણા ખેતરમાં વવરાવી દઉં તો કેવું ? કણમાંથી મણ થતાં અનાજને કેટલી વાર ? અને સસરાજીને પણ એ જરૂર ગમી જશે . 'આમ વિચાર કરી એણે આ પાંચ દાણા પોતાના પિયરમાં મોકલાવીને વવરાવ્યા . એક સાલ ગઇ . બીજી સાલ ગઈ . પાક પાકતો ગયો ને વહુ એને ફરી - ફરી વવરાવતી ગઇ . આ રીતે પેલા દાણા વધતા જ

ચાલ્યા . પેલી ત્રણેય મોટી વહુઓ તો આ દાણાની વાત પણ ભૂલી ગઈ હતી . પણ ચોથી વહુને તો આ વાત હરહંમેશ યાદ રહેતી .
પછી એક દિવસ શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું , " વહુબેટા , ડાંગરના પેલા પાંચ દાણા પાછા આપો . "
પહેલી બે વહુઓ કહે , " એ દાણા તો તે દહાડે જ પૂરા થઈ ગયા . હવે એ દાણા ક્યાંથી લાવીએ ? કહો તો કોઠીમાંથી પાંચ - પાંચ દાણા લઈ આવીએ , '' ત્રીજી વહુ કહે , " સસરાજી , મેં એ દાણા બરાબર સાચવી રાખ્યા છે . થોભો , હું દાબડી લઈ આવું . " એમ કહી એ ઘરમાં ગઈ અને દાબડીમાંથી કાઢી એણે પાંચેય દાણા સસરાજીના હાથમાં મૂક્યા . નાની વહુ આ બધું જોતી , ધીમું - ધીમું હસી રહી હતી . શેઠે કહ્યું , " દીકરા , તું કેમ કંઈ બોલતી નથી ? જા , તારા દાણા લઈ આવ . કેમ , લાવી શકીશ ને ? "
એણે કહ્યું , " સસરાજી , એ દાણા લાવવા માટે આપને મારે પિયર ગાડાં મોકલવાં પડશે . આજે હવે એ દાણા પાંચ નથી રહ્યા . એ વધી - વધીને ગાડાં ભરાય તેટલા થયા છે . '
પછી નાની વહુએ એ દાણાની વાત માંડીને કહી સંભળાવી . એ પરથી ધનપાલે ત્રણે મોટી વહુઓને કહ્યું , " તમારા સૌમાં આ નાની વહુ ઠરેલ અને ચતુર છે . આજથી આપણા આખા ઘરનો કારભાર એ ચલાવશે . તમે સૌ એના શાણપણનો લાભ લેજો . ''
અને પછી શેઠ નાની વહુ તરફ જોઈને બોલ્યા , " દીકરી , આજથી ઘરમાં કોઠારનો કારભાર તને સોંપું છું . મને ખાતરી થઈ છે કે તું આ ઘરની લક્ષ્મી છે . તારા હાથમાં આવેલી સંપત્તિ વધતી જ જશે . તું જ મારા ઘરને સારી રીતે સાચવી શકશે . ''
પછી એમણે ત્રીજી વહુને કહ્યું , " બેટા , આજથી રસોડાનો કારભાર તારે સાચવવાનો . ' બીજી વહુને કહ્યું , " નોકરચાકર ઉપર દેખરેખ તારે રાખવાની . '' અને મોટી વહુને કહ્યું , '' વહુજી , ઘરની સાફસૂફીની જવાબદારી તમારે સંભાળી લેવાની , ''
પછી શેઠે બધી વહુઓને કહ્યું , " સૌ પોતપોતાની સૂઝ પ્રમાણે અને સ્વભાવ પ્રમાણે વહેંચીને ઘરનું કામ કરશો , તો ઘરની શોભા રહેશે અને બધાં સુખી થશો ."

૧. શેઠે ઘરના કોઠારનો કારભાર કોને સોંપ્યો? શા માટે? (2)
૨. શેઠ ધનવાન હતા, છતાં તે ગણતરીવાળા હતા, એવું શા માટે કહી શકાય?
શેઠને કઈ વાતનો સંતોષ હતો? (2)
૩. શેઠને વહુઓનું જ પારખું કરવાની ઇચ્છા કેમ થઇ? તેમણે શી યુક્તિ કરી? (2)
૪. ધનપાલ શેઠે સૌથી નાની વહુને ઠરેલ અને ચતુર કેમ ગણી? બીજી ત્રણેવ વહુએ દાણા નું શું કર્યું? (2)
૫. આ વાર્તાનું યોગ્ય શિર્ષક આપો? તમે શું શીખ્યા? (2)

Question 4
Answer the following according to the instructions given.
પ્રશ્ન 4. નીચે આપેલા પ્રશ્નોના ઉિર સૂચના પ્રમાણે લખો.

અ. લીટી દોરેલા શબ્દ ની જગ્યા એ યોગ્ય રૂઢિ પ્રયોગ પસંદ કરી વાક્ય ફરી લખો. (1)
૧. કોલસા ની ખાણ ખોદતી વખતે મજૂરો પર મોટી મુસીબત આવીશ પાડી.
૧. આકાશ પાતાળ એક કરવા.
૨. આભ તૂટી પડવું.
૩. આભ ફાટવું.
૪. આભ ફાટે ત્યાં થીગડું ક્યાં દેવું.

બ. દર નો દ્વિઅર્થ લખો. (1)
૧. દરેક, બધા
૨. છિદ્ર, કિંમત
૩. દરવાજો, દોર
૪. ભાવ, બારણું

ક. યોગ્ય શબ્દ સમૂહ પસંદ કરી લખો શાકભાજી વેચના. (1)

૧. ખાટકી
૨. કડિયો
૩. કાછીયો
૪. ગોવાળ

ડ. નીચે આપેલી ખાલી જગ્યા માં લીટી દોરેલા શબ્દ નો વિરોધી શબ્દ લખો.
મનુષ્ય એ ------------ નો સંગ કરવો જોઇએ દુર્જન થી દૂર રેહવું જોઇએ. (1)

૧. સારાજન
૨. સજ્જન
૩. શારાજન
૪. શજ્જન

ચ. લીટી દોરેલા શબ્દ નું લિંગ (જાતિ) બદલી લખો.
વૃદ્ધ રોજ સાંજે બગીચા માં ફરવા જાય છે. (1)

૧. વૃદધા
૨. વુધ્ધા
૩. વૂધ્ધા
૪. વ્રધ્ધા

છ. નીચે આપેલા વાક્યો માં થી ભવિષ્યકાળ દર્શાવિતું વાક્ય શોધો.

૧. મીના પાસ્તા બનાવતી હતી. (1)
૨. મીના પાસ્તા બનાવશે.
૩. મીના એ પાસ્તા બનાવી લીધા.
૪. મીના એ પાસ્તા બનાવ્યા હતા.

જ. સમૂહવાચક શબ્દ નો ગુચ્છો બનાવો.

૧. વણજાર, થોકડી, ટુકડી, લશ્કર (1)
૨ લશ્કર, થોકડી, ઘઉં, વણજાર
૩ ટોળું, ટુકડી, ઝૂડી, પુસ્તક
૪ લશ્કર, ઝૂમખો, હિમાલય થોકડી

ઝ સાચી જોડણી વાળો શબ્દ પસન્દ કરો.

૧ વિસ્વવિધાલય (1)
૨ વીસવવિધાલય
૩ વિશ્વવિધાલય
૪ વીશ્વવિધાલય

## SECTION B

*(Attempt **four** questions from this **Section**)*

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તા)

SAHITYA GURJARI (SHORT STORIES)

### Question 4

Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 4. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નનોના ગુજરાતીમાં જવાબ લખો.

"ઈ તો મૈં એનું મોઢું જોયું ત્યાર થીજ મને લાગતું તું કે આ માણસ સારો નથી" માજી એ પથારી માં થી બેઠા બેઠા પરમ સત્વ ઉચ્ચારતા હોઇ તેવી ઢબે કહ્યું."

મજીનો પ્યાલો - ગુલાબદાસ બ્રોકર
Majino Pyalo - Gulabdas Broker

પ્રશ્નો

૧. લેખક નો યુગ લખી તેમની વાર્તા સંગ્રહ ની વિશેષતા લખો. (2)
૨. પ્યાલો નોકરે ચોર્યો હતો એવુ ઘરના લોકોને શા માટે લાગે છે? (2)
૩. કોણ હકીકત છુપાવે છે? ક્યારે? શા માટે? પાઠ ના આધારે સમજાવો. (3)
૪. લેખક એ પાઠ ના દ્વારા સમાજ માં રહેલા કયા દોષો નું આલેખન કર્યું છે? સમજાવો. (3)

### Question 5

Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 5. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્ન ના જવાબ ગુજરાતીમાં લખો.

"યુવતી એ કબૂલ કર્યું" એક પ્રકારના ઉત્સાહ થી કબૂલ કર્યું ઘર માં આવી માતૃભાવ ભૂખ્યા કુસુમયુધ ને પોતાનાજ પુત્ર ની માફક ઉછેરવાનો પ્રામાણિક પ્રયત્ન તેણે આદર્યો!"

ખરી મા - રમણલાલ વ. દેસાઇ
Khari Ma - Ramanlal V. Desai

૧. લેખક નો ટૂંક માં પરિચય આપો. તેમણે કયું બિરુદ મળ્યું હતું? (2)
૨. માં ક્યાં ગઈ? એ પ્રશ્નો ના Sand કેવા જવાબ આપતું? (2)
૩. અપરમા એ કુસુમાયૂધ નો ઉછેર કઇ રીતે કર્યો? તેનું પરિણામ શું આવ્યું? (3)
૪. અપરમા પરીસ્તીથી જાણતી હોવાં છતાં એમના માટે કયો પ્રશ્ન અતિ વિકટ હતો? શા માટે? (3)

### Question 6

Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 6. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્ન ના જવાબ ગુજરાતીમાં લખો.

"આવતી કાલની ફીસ્ટ માં લડુનું જમણ" - આ વાંચતાં જ દેવશંકર માસ્તર થંભી ગયા ' આદર્શ ક્લબ ' ના એ પાટિયા સામે બે ડગ ભરતાં એમણે ચશ્મા ની દાંડી દોરી જરા બરાબર કરી અને જાહેરાત ફરીથી વાંચી ગયા.

લાડુ નું જમણ - પન્નાલાલ પટેલ
Laadu Nu Jaman - Pannalal Patel

૧. પન્નાલાલ પટેલનું સાહિત્ય પ્રત્યે નું પ્રદાન લાખો. (2)
૨. લાડુ જમવા માટે પૈસા ની સગવળ દેવશંકરે કઇ રીતે કરવાનો નિર્ણય કર્યો? (2)
૩. દેવશંકરે માસ્તર ની લાડુ પ્રિયતા તમારા શબ્દ માં વર્ણવો. (3)
૪. શંકરલાલે કઇ ભૂલ કરી? શી રીતે? ભૂલ સુધારવા એમણે શા પ્રયત્ન કર્યો? (3)

## સાહિત્ય ગર્જરી (કવિતા)
## SAHITYA GURJARI (POEM)

Question 7
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 7. નીચેની કંડિકા વાંચી તે ની નીચે આપેલા પ્રશ્નનોના જવાબ ગુજરાતીમાં લખો.

ઢોર ના કીધાં જેણે મનેખજી;
હરવા ફરવાના જેણે મારગ ઉઘાડયા રૂડા,
હારોહાર મારી ઊંડી મેખજી.

પરણામ મારા - રામનારાયણ પાઠક ' શેષ '
Parnam Mara – Ramnarayan Pathak 'Shesh'

૧. કવિ કયા કયા ઉપનામો થી જાણીતા છે? આ ઉપનામો થી સાહિત્ય ને શું શું આપ્યું છે?
૨. ' ડુંગર દેખાળી ઊંચી દેરીજી ' કોના માટે કહેવામાં આવ્યું છે? શા માટે? (2)
૩. અહીં મહાત્મા એટલે કોણ? કવિએ તેમને મહાત્મા કેમ કહ્યા છે? (2)
૪. પ્રણામ એટલે શું? તમારા મત પ્રમાણે ક્યારે, કોને કોને કરવા જોઈએ? પ્રણામ ના બે અર્થ (સમાનાર્થી) શબ્દ લાખો. (3)

(3)

Question 8
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 8. નીચેની કંડિકા વાંચી તે ની નીચે આપેલા પ્રશ્નનોના જવાબ ગુજરાતીમાં લખો.

વિપત પડે ના વલખીએ, વલખ્યે વિપત ન જાય,
વિપત ઉધમ કીજીએ, ઉધમ વિપતને ખાય.

સુભાષિત
Subhashit

૧. કયા મિત્ર વધારે સારા કહેવાય? આમાં કયા બે મિત્રો ની વાત કરવામાં આવી છે?
૨. અંધ અને અજ્ઞાન વચ્ચે નો તફાવત બતાવી તમારા મતે પાંગળુ કોણ છે? (2)
૩. કઇ ચાર વસ્તુઓ અનર્થ ઉત્પન્ન કરી શકે છે? (2)
આ અનર્થ ન થાય એ માટે વિધાર્થી તરીકે તમે શું કરશો?
૪. ઉપર આપેલો સુભાષિત તમારા શબ્દો માં સમજવો. (3)

(3)

Question 9
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 9. નીચેની કંડિકા વાંચી તે ની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં લખો.

ખીલ વસંત, વન ફૂલભર્યા મહેકે,
ગાતા ફરે ભ્રમર, કોકિલનાદ લ્હેકે.
ઊડે સુગંધકણ પુષ્પ તણા રસોના,
આઘા સુણાય ગગને સ્વર સારસોના

છ ઋતુઓ - ઉમાશંકર જોશી
Chha Rutuo - Umashankar Joshi

૧. ઉમાશંકર જોશી ના કયા કાવ્યસંગ્રહ ને કયું ઇનામ મળ્યું છે? તેમણે કાવ્ય માં કઈ પરંપરા નું સન્માન કર્યું છે? (2)
૨. કુદરત ની કેટલી ઋતુઓ છે? અને કેટલી પેટા ઋતુઓ છે? દરેક ઋતુ ના નામ લખો. તેમાં શેના દર્શન થાય છે? (2)
૩. શરદ ઋતુ નું વર્ણન તમારા શબ્દ માં કરો. તેમાં આવતા તહેવારો લખો. (3)
૪. ઉપર આપેલી કાવ્ય પંક્તિ તમારા શબ્દો માં સમજાવો. (3)